જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૧/૨૦૨૧ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૮૪/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૪૩ | ૮ | ૧૧૧૫૧ | ૧૭૨૭૪ | ૮ | ૧૭૨૮૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૧ | ૧ | ૪૭૦૨ | ૬૨૨૪ | ૧ | ૬૨૨૫ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૭૪૪૨ | ૧૫૨ | ૨૭૫૯૪ | ૨૮૬૧૬ | ૧૫૧ | ૨૮૭૬૭ |
| | કુલ | ૪૩૩૪૯ | ૧૬૧ | ૪૩૫૧૦ | ૫૨૩૭૪ | ૧૬૦ | ૫૨૫૩૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૭ | ૧૬,૩૧,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૫૯૨ | ૩૫,૯૨,૦૦૦/- |

# ચોરીના આરોપીની અટકાયતીની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી અનડીટેકટ ગુનાના મુદ્દામાલ સાથે બે આરોપીઓને પકડી અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા ઈન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેરનાઓએ મિલ્કત સબંધી અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા સારુ આપેલ સુચના મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબના સીધા સુપરવિઝન હેઠળ નારોલ પો.સ્ટે.વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારુ સર્વેલન્સ સ્કોડના વુ.પોસઈ શ્રી જે.એસ.ચૌધરી તથા સર્વેલન્સ સ્કોડના બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.વિરેન્દ્રસિંહ રુપસિંહ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે " નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ – એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૧૧૬૭/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯(એ´(૩´ મુજબના કામે ફરીયાદીશ્રીના ચોરીએ ગયેલ મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ મેળવી તપાસ કરતાં આરોપી હાલમાં કેનાલ રોડ સદાની ધાબી આજુબાજુમાં મો.સા.નં.જીજે.૦૧.ડીકયુ.૯૮૮૧ ની લઈને આવેલ છે. " જે બાતમી હકીકત આધારે બે પંચો રૂબરૂ વોચમાં રહેતાં થોડીવારમાં બાતમી હકિકતમાં જણાવેલ મો.સા.સાથે આરોપીઓ (૧) મોહંમદ સલીમ મોહંમદ ઈબ્રાહિમ જાતે શેખ ઉ.વ.૨૨ ધંધો.મજુરીકામ રહે.મણીલાલની ચાલી હસન શહીદની દરગાહની પાછળ પન્ના એસ્ટેટ બાપુનગર અમદાવાદ શહેર તથા મ.નં.૫૩૦ નુરનગર રખીયાલ પોસ્ટ ઓફીસ પાછળ રખીયાલ અમદાવાદ શહેર તથા (૨) મહંમદ સાકીબ અબ્દુલ કુદ્દુશ જાતે પઠાણ ઉ.વ.૩૨ ધંધો.મજુરીકામ રહે.મ.નં.૩૯૧, જયઅંબેનગર જનતાનગરની અંદર રામોલ અમદાવાદ શહેરનાઓ બંને પાસેથી ફરી.શ્રીનો ચીલઝડપ કરી લઈ ગયેલ પેનાસોનીક કંપનીનો કાળા કલરનો ELUGA-17 મોડલનો મોબાઈલ ફોન IMEI નં.૩૫૫૮૮૫૧૦૧૯૭૭૪૦૮ તથા ૩૫૫૮૮૫૧૦૫૯૭૭૪૦૪ નો કિ.રૂ.૫૦૦૦/– તથા મો.સા.ની કિ.રૂ.૧૨૦૦૦/– મળી કુલ્લે કિ.રૂ.૧૭૦૦૦/– ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવેલ જે મોબાઈલ ફોન બાબતે નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૧૧૬૭/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯(એ´(૩´, ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૨À૦૧À૨૦૨૧

## <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-</u>

વુ.પો.સ.ઈ.જે.એસ.ચૌધરી તથા મસઈ બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો.વીરેન્દ્રસિંહ રુપસિંહ બ.નં.૯૯૩૪ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૧૯૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭



# પાસા અટકાયતીની વિગત

## ઓઢવ પોલીસ સ્ટેશન

## પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને વડોદરા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

### પાસા અટકાયતી :-

મહેન્દ્રભાઇ મોહનભાઇ તળપદા (ઉ.વ.૩૨) રહેવાસી ઇન્દીરાનગરના છાપારા ઇદગાહની પાછળ કઠલાલ કઠલાલ પોલીસ સ્ટેશનની બાજુમાં તા કઠલાલ જીલ્લો ખેડા

### પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૦૦૯૭૮/૨૦૨૦ ધી પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ),૮૧,૯૮ (૨) મુજબ તથા (૨) ખેડા કઠલાલ પો સ્ટે પ્રોહી ગુ ૨ નં ૫૨૧૧/૨૦૧૯ ધી પ્રોહી કલમ ૬૬(બી), ૬૫( એ) (ઈ), મુજબ

### પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં-પીસીબી/ડીટીએન/પાસા/૬૮/૨૦૨૧ તા.૧૨/૦૧/૨૦૨૧ તથા બજવણી તા. ૧૨/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૪૫ વાગે :- વડોદરા જેલ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો.સ.ઈ શ્રી ડી.બી.પલાસ તથા એ.એસ.આઇ. અળખાભાઇ કરશનભાઇ બ.નં.૮૬૧૫ તથા અ.પો.કો. બીજલભાઇ શામળભાઇ બ.નં.૧૦૩૫૮ તથા અ.પો.કો.ગુલાબભાઇ જગદીશભાઇ બ.નં.૧૦૧૯૫ તથા અ.પો.કો. જયદીપસિંહ દેવસંગભાઇ બ.નં.૧૧૯૪૯

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૬૧ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧૮ વ્યક્તિઓની અને પાસા મુજબ 0૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૭/૨૦૨૧**

**વેજલપુરઃ** અરશાનભાઇ સકિલઅહેમદ શેખ (રહે.સોહેલપાર્ક સોસાયટી મોમીન પાર્લર પાસે, હાફીઝી ટી સ્ટોલના ખાંચામા, ઈમાન રેસીડેન્સી સામે અંબર ટાવર જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૩૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી અલગ અલગ-અલગ કંપનીની ઘડીયાળ કિમત રૂપિયા ૩૯,૦૦૦/-, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહિત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૮/૨૦૨૧**

**નવરંગપુરાઃ** પ્રીતીબહેન વા/ઓ પ્રણવભાઇ ઉપાધ્યાય (ઉ.વ.૪૦) (રહે. ફ્લોરેન્સ રેસીડેન્સી સાયન્સ સીટી રોડ સોલા) એ તા.૧૨/૦૧/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૦૮ થી તા.૧૫/૦૨/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સી.જી.રોડ ખાતે આવેલ આઈ.ડી.બી.આઈ બેંકના લોકરમાં મુકેલ સોનાની બંગડી નંગ-૪, સોનાની ચેઇન નંગ-૨, સોનાની લકી, સોનાનુ બ્રેસ્લેટ, સોનાની વિંટી નંગ-૭, સોનાના પેડલ નંગ-૨, સોનાની લગડી નંગ-૩, સોનાની બુટ્ટી નંગ-૧૦, સોનાનું મંગળસુત્ર, ચાંદીના ઝુડા નંગ-૨ અને ચાંદીના સિક્કા મળી કુલ કિમત રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- આઈ.ડી.બી.આઈ બેન્કના કોઈ કર્મચારી ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

**<u>ઝાડ ઉપરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૯/૨૦૨૧</u>**

**શહેરકોટડાઃ** ઉત્તરાયણના સમયે પતંગની દોરી ઝાડ પર ફસાઈ જવાથી ઝાડ ઉપર કોઈ પક્ષી ફસાઈ ના જાય તે માટે ચંદુજી વીરાજી ઠાકોર (ઉ.વ.૫૦) (રહે.રોશનબીબીની ચાલી, અનિલ સ્ટાર્ચ રોડ બાપુનગર) તા.૧૨/૦૧/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક લીમડાના ઝાડ પર ચઢી ઝાડની ડાળખીઓ દુર કરતા હતા ત્યારે ઝાડ ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાજના ૫/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બટુકસિહ કાભઇભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૦/૨૦૨૧</u>**

**શાહપુરઃ** અસફાકહુસેન ચાંદમીયા રાઠોડ (ઉ.વ.૩૦)(રહે.સરકીવાડ રાજાજીની પોળ સામે, શાહપુર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૧/૨૦૨૧ સાજના ૬/૩૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાના મોભ સાથે સુતરનુ દોરડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

**ઓઢવઃ** જુહી વા/ઓ કમલેશભાઇ રાજભર (ઉ.વ.૨૮)(રહે,મુનીસુવ્રત સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૨૦૨૧ બપોરના ૧/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને બાપુનગર કાકડીયા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૧/૨૦૨૧ કલાક ૨/૪૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી